

# સેતુ


**શાંતિલાલ મોહનલાલ શાહ અશક્તાશ્રમ સોસાયટી**

**ત્રિમાસીક સંપર્ક પત્ર**

**વર્ષ : ૨૨ અંક : ૮૭ જાન્યુઆરી - ૨૦૨૧**

**website : www.ashaktashram.org**

**સંપાદકો** : ડૉ. નરેશભાઈ વેદ ★ શ્રી વિષ્ણુભાઈ સી. ગાંધી ★ શ્રીમતી ઉષા સી. શાહ

**પ્રમુખ** : શ્રી ચંદ્રવદન એસ. શાહ ★ **માનદ્ મંત્રીઓ** : શ્રી ગિરીશભાઈ આર. શાહ ★ શ્રી ઉદયભાઈ કે. શાહ

શાંતિલાલ એમ. શાહ અશક્તાશ્રમ સોસાયટી, પાણીની ટાંકી પાસે, ડાકોર-૩૮૮૨૨૫. ફોન : ૦૨૬૯૯-૨૪૪૨૧૮


## અધિક માસનો અસ્ત

ગયા માર્ચ માસથી આપણે ત્યાં ફેલાયેલી કોરોનાની મહામારીનો અંત દસ માસ થયા છતાં હજુ આવ્યો નથી. એને કાબુમાં લેવા રસીકરણ કરવાનો પ્રારંભિક ધોરણે પ્રયોગ થયો છે. પરંતુ એનો લાભ સામાન્ય જનતા સુધી પહોંચતા હજુ સમય લાગશે. હજુ કોરોનાથી કેડો છૂટ્યો નથી. ત્યાં મ્યુક્સ માયકોસિસ જેવા રોગના કેસો નોંધાવા લાગ્યા છે. આ સંજોગોમાં અશક્તાશ્રમના સૌ વરિષ્ઠ નાગરિકોએ હજુ વધુ સાવધાની દાખવવી પડશે.

શ્રી રણછોડરાયજીની કૃપાથી આપણે એક કસોટીમાંથી તો પાર ઉતર્યા છીએ. જે કોઈ આશ્રમવાસીને કોરોનાની બિમારી થઈ હતી એ બધાં સ્વસ્થ થઈ ગયાં છે. એટલું જ નહીં આશ્રમમાં દર્શન, ભજન, કીર્તન અને પર્વો તહેવારોની ઉજવણીની પ્રવૃત્તિઓ પણ સારી રીતે ચાલતી રહી છે. એમાં આશ્રમના કર્મચારીઓ, સેવકો અને ટ્રસ્ટીઓની જહેમત ઉપરાંત આપ સૌના સહકારનો પણ મોટો ફાળો હતો. આ મુશ્કેલ સમયમાં પણ આપણે ધાનદાન, ટ્રસ્ટી મીટીંગ અને વાર્ષિક સાધારણ સભા જેવા કાર્યક્રમો પણ સફળતાપૂર્વક પાર પાડી શક્યા છીએ. એ ઘણી આનંદ અને સંતોષની વાત છે. એ માટે સૌને ધન્યવાદ.

પરંતુ હજુ પણ આવી બધી પ્રવૃત્તિઓ કરતાં આપણએ સૌએ ખૂબ જ સાવધ અને સભાન રહેવું પડશે. મોઢા ઉપર માસ્ક પહેરવાની એકમેક વચ્ચે અંતર જાળવવાની, ચીજવસ્તુના સ્પર્શ બાદ હાથ ધોતાં રહેવાની, કપડાં અને વસ્તુઓને સેનીટાઈઝ કરતાં રહેવાની, અનિવાર્ય કારણ સિવાય બહાર ન નિકળવાની, જરુર પડ્યે આશ્રમવાસીને સહાય અને ટેકો આપવાની તકેદારી આપણે રાખવી પડશે.

સ્થાનિક સરકારી, વહીવટી, સફાઈ અને આરોગ્ય તંત્રોની કામગારી આ સમયગાળામાં ઘણી નોંધપાત્ર રહી છે, તેમ આપ સૌની સૂઝબૂઝ અને શિસ્ત પણ પ્રશંસાપાત્ર રહી છે. પરંતુ પરિસ્થિતિ એવી છે કે ક્યારે કોણ કેવી રીતે બિમારીમાં પટકાઈ પડે એ કહી શકાય એમ નથી. ત્યારે ઈશ્વર ઉપર સંપૂર્ણ ભરોસો રાખી સજાગ પણે જીવી જઈએ એ જરુરી છે. એ માટે પ્રભુનું નામ સ્મરણ અને જપયજ્ઞ સૌથી ઉત્તમ સાધનો છે. એના આશ્રયે આ સમય પણ ડર્યા વિના સચેત રહી પસાર કરી જઈએ. કશું કાયમી નથી. આજના ઓથાર બાદ ઉજ્જવળ દિવસો આવવાના જ છે. આપણે હારીશું, ઝૂકીશું નહીં.

**ડૉ. નરેશભાઈ વેદ**

## પ્રમુખની કલમે

જગતમાં કઈને કંઈ ફેરફારો તો હરનિશ ચાલ્યા કરે છે. ઈશ્વરની સર્જન અને વિસર્જનની પ્રક્રિયા નિરંતર હોય. કોઈ વખત તે દુષ્કાળ તો કોઈ વખતે અતિવૃષ્ટિ, કોઈ વખતે ધરતીકંપ તો કોઈ વખતે સુનામી. કોઈ વખતે મહામારી, રોગચાળો તો કોઈ વખતે માનવસર્જિત લડાઈઓ અને લાખો માણસો મૃત્યુને શરણ થાય. વિજ્ઞાન નવી નવી દવાઓ ટેકનોલોજી અને છેક ચંદ્ર સુધી ભ્રમણ કરી આવ્યું પણ ઈશ્વરની પ્રક્રિયાને પહોંચી શકાતું નથી.

૨૦૧૯-૨૦માં આવેલ મહામારી કોવીડ-૧૯ આખાય વિશ્વને આવરી લીધું છે. અત્યાર સુધી વિસર્જનની પ્રક્રિયા અમુક અમુક પ્રદેશો સુધી સીમિત રહેતી પણ આ મહામારી એ વૈશ્વિક રૂપ ધારણ કર્યું. કાળા, ગોરા, ઘઉંવર્ણના કે પીળા દરેક જાત અને પ્રકારના અને દરેક દેશના લોકો ઉપર આક્રમણ થયું. ભારત તેમાંથી બાકાત નથી.

આપણા દેશ રહેણી કરણી, આચાર, અસમાનતા, સ્વચ્છતા અને વસ્તીની ઘનતા જોતાં આમાંથી ઓછા નુકશાને બહાર આવવું અસંભવ લાગતું હતું. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની દીર્ઘદ્રષ્ટિ અને સમયસરના પગલાં, મેડીકલ અને પેરા-મેડીકલનો સહયોગ, સરકારી કર્મચારીઓની દક્ષતા અને આપણા રેલ્વેના સહકારથી મજૂરોના સ્થળાંતરનો પ્રશ્ન બહુ સારી રીતે ઉકેલી શકાયો. પ્રમાણમાં ઓછામાં ઓછા નુકશાન સાથે દેશ સચવાઈ ગયો. વિશાળ અને વિવિધતા ધરાવતા વિશાળ દેશના પ્રશ્નો પણ વિશાળ અને ગહન હતાં. **“સૌના સાથે - સૌના વિશ્વાસે”** આપણી ગાડી પાટા ઉપર ચડતી દેખાય છે.

આ મહામારી ફક્ત જીવલેણ હતી એટલું જ નહિં પણ લાંબી ચાલેલી આ મહામારીએ કુટુંબોને છિન્ન-ભિન્ન કરી નાંખ્યા. ચોવીસ કલાક ઘરમાં અને ઘરમાં રહેવાથી સામાજિક, માનસિક અને આર્થિક સમસ્યાઓ ઉભી થઈ. નવ-દસ મહિનાથી ચાલેલ જીવન પદ્ધતિઓથી લોકોની માનસિકતાના પ્રશ્નો ઉભા થયા. બાળકોના આવી પડેલ ઓનલાઈન શિક્ષણ પદ્ધતિથી ટેવાવું પડ્યું. વેપાર ઉદ્યોગ કામધંધા અને આજીવીકા ખોરવાઈ ગઈ અને તેમાં કોર્પોરેટ હોસ્પિટલના મસમોટા બિલોએ લોકોને બધી રીતે ભાંગી નાંખ્યા.

આ બધા વચ્ચે દુનિયા ગમે તેટલી આગળ વધે, પ્રગતિના બણગાં ફૂંકે પણ ઈશ્વરની સર્વોપરિતાનો સ્વીકાર કરવો જ રહ્યો.

ચંદ્રવદન શાહ

# અશક્તાશ્રમના આશ્રયે

## કોરોનાનો કાળો કેર

**- ઉષા ચંદ્રવદન શાહ**

પુનિતભાઈ! અમને આશ્રમમાં આવવાની પરવાનગી આપો. થયું'તું એવું કે કોરોનાની જાહેરાત થઈ તે પહેલા કેટલાક વડીલો રજા લઈને ઘેર ગયા'તા. જે દિવસે આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ 'લોકડાઉન' જાહેર કર્યો તેના બીજા જ દિવસે ચંદ્રવદનભાઈએ તેની ગંભીરતા સમજી જઈને પુનિતને કહી દીધું. 'આપણા મુખ્ય દરવાજાને બંધ કરી દો. અંદરના કોઈએ બહાર નહીં નીકળવાનું અને બહારના કોઈએ અંદર નહીં આવવાનું.' પુનિતને મળેલું સૂચન પુનિતે માથે ચઢાવ્યું. અને તે પ્રમાણે જ અનુસરણ કર્યું. બહાર ગયેલા વડીલો અણધાર્યા સપડાઈ ગયા. થોડા થોડા દિવસે પુનિતને અરજ કરે. પુનિત તે સંદેશા અમને મુંબઈ આપે. આમ ને આમ બે મહિના ચાલ્યું. સાંભળી સાંભળીને ચંદ્રવદનભાઈનું હૃદય હાલી ગયું. 'આમેય બિચારા ઘરમાં ખમાતા નહોતા તેથી અહીં આવ્યા છે તો આટલા બધા દિવસો કેમ નભાવે!' વળી કેટલાક તો દીકરીને ઘેર ગયા'તા. દીકરીના ઘેર કેટલું રહેવાય ? તેમને સામો ફોન કરીને કહેવડાવ્યું કે કોરોનાનો ટેસ્ટ કરાવીને આવી જાઓ. કેટલાક તો બીજા દિવસે જ આવી ગયા. આપણે ત્યાં ચૌદ દિવસના કડક કોરેન્ટાઈનમાં રાખ્યા. આ બધું કરવાનું કારણ આશ્રમમાં રહેતા વડીલોની ચિંતા હતી. રોજ સૌ સારાવાના થાય તેવી પ્રાર્થના થતી.

ઉપરોક્ત પરિસ્થિતિ તે સમયે ડાકોર ગામમાં પણ એકાદો કેસ થયો હતો પણ.... સમય જતાં કેસ વધવા લાગ્યા. આપણે સાવચેતીના પગલા રૂપે રેપીડ એન્ટીજન ટેસ્ટ આશ્રમમાં બોલાવીને કરાવ્યો. ફક્ત એક બાને પોઝીટીવ આવ્યો. બીજા બધા સારા હતા. તે બાને તરત જ ઠાસરા હોસ્પિટલમાં મોકલી દઈ તેમના ઘેર જાણ કરી દીધી.

પણ... પણ... પણ... ડાકોરમાં કેસ વધવા લાગ્યા. પ્રમુખ ચંદ્રવદનભાઈ અને ઉપ-પ્રમુખ નરેશભાઈની ચિંતા વધવા માંડી. ચંદ્રવદનભાઈએ અમારા ખાસ ડાક્ટર હરેન્દ્રભાઈને વાત કરી. નરેશભાઈ અમદાવાદથી ડાકોર ગયા. ડૉક્ટર હરેન્દ્રભાઈને મળ્યા બન્ને ઠાસરા હોસ્પિટલમાં જઈ ત્યાંના હેલ્થ ઓફિસર અને જિલ્લા કલેક્ટરને મળ્યા. અશક્તાશ્રમના ૮૪ વૃદ્ધોની વાત કરી. બન્નેના હૃદય હાલ્યા. 'બધાને અહી લઈ આવો અને આપણે તેમનો RT-PCR ટેસ્ટ કરીશું'

દરેક પરિસ્થિતિ સમજપૂર્વક અને ધીરજપૂર્વક માથે ધારણ કરનાર પુનિત સજ્જ થઈ ગયો. સ્વજનોનો સાથ લીધો. વડીલોની મીટીંગ બોલાવી. કોરોનાની ટેસ્ટની વાત કરી. બધાએ મોઢા પર માસ્ક પહેરવાનો અને સૌએ એકબીજા વચ્ચે અંતર રાખવાનું કહ્યું. ચાલવાનું પણ અંતર રાખીને અને ઉભા રહેવાનું પણ અંતર રાખીને.

પુનિતભાઈની સવારી સ્વજનોનો સાથ વડીલોને લઈને ઉપડી. ઠાસરા પહોંચ્યા. મને કહેતા આનંદ થાય છે કે દરેક વડીલે માસ્ક પહેરી રાખી, દરેક વડીલ વચ્ચે દુરી રાખી ટેસ્ટ કરાવ્યા. સૌના આશ્ચર્ય વચ્ચે ૧૨ વડીલોનો કોરોના પોઝીટીવ આવ્યો. તેમને ઠાસરા હોસ્પિટલમાં રાખવાની વ્યવસ્થા કરી. બારેય જણ રડવા લાગ્યા. પુનિતે સૌને સાંત્વના આપી. બાકીનાને લઈને આશ્રમ પાછો ફર્યો.

નરેશભાઈ અને ડૉક્ટર હરેન્દ્રભાઈ જિલ્લા કલેક્ટર અને હેલ્થ ઓફિસરને મળ્યા હોવાથી તેમની પણ મીઠી નજર આ વૃદ્ધો તરફ હતી. ૬ દિવસ પછી તેમને નડિયાદ સપોર્ટ સેન્ટર-ગવર્મેન્ટ કોરેન્ટાઈન સેન્ટરમાં ખસેડ્યા. ત્યાંથી બિલકુલ સારા થયા બાદ ૭ દિવસ પછી આશ્રમમાં મોકલ્યા. વધુ કાળજી માટે આ બધાને ૧૪ દિવસ કોરેન્ટાઈનમાં આપણે ત્યાં રાખ્યા. તે પછી રેગ્યુલર રૂમમાં લાવ્યા. માનશો ? આ ૧૨ વડીલોમાં એક વડીલ તો ૯૨ વર્ષના હતા. પણ તે પણ લાકડી ઠપકારતા હસતા હસતા પાછા ફર્યા. અત્યારે બધા સ્વસ્થ છે.

અશક્તાશ્રમના બે મુખ્ય ધ્યેય. વૃદ્ધોની સુખાકારી અને બીજી અનેકગણી પ્રવૃત્તિ. દરેક પ્રવૃત્તિ સ-રસ આનંદદકર્તા હોય છે. પણ શિબિર અને ધાનદાન ટોચ પર આવે છે. આજ સુધી ૨ ધાનદાન કર્યા છે. ૨૧મા ધાનદાનને કોરોનાએ ધૂળ ભેગું કર્યું. પણ ચંદ્રવદનભાઈ અને નરેશભાઈ ઝંપે !! દિવાળીના દિવસોમાં બિચારા પાસે ખાવાનું જ નહીં હોય તો તેઓ શું દિવાળી કરવાના ? કરવું જરુર છે પણ આશ્રમમાં નહીં એમના દરેક ગામમાં જઈને આપીએ. માણસો ઓછા સલામતી વધારે. આપણે તો વિચારીએ પણ કર્તાહર્તા પુનિત હતો. એની જ હિમ્મત, મહેનત અને ધીરજ સ્વસ્થતા પર હતું. સૌથી પહેલા પુનિતને ફોન કર્યો. કહેતા આનંદ અને ગર્વ થાય છે કે નેગેટીવ વાતાવરણમાં પણ પુનિતે પોઝીટીવ જવાબ વાળ્યો. નક્કી થયું કે આ વખતે ૨૦ ગામડા એક દિવસમાં આપણે ત્યાં નહીં આવે પણ આપણે એમને આપવા જઈશું.

પ્લાનીંગ પ્રમાણે કામ શરુ. સ્વજન અશ્વિનભાઈ, અનીલભાઈ, મહેન્દ્રભાઈ, પીન્કી અને ટ્રસ્ટી સંજયભાઈ એ છએ દિવસ આવવાની સંમતિ આપી. સાથે સાથે ડાકોરના વિદ્યાર્થીઓ જીત, ધ્રુવ, હર્ષ ( ગ્રુપના યુવાનો) એ પણ સાથ આપ્યો.

વીસ ગામના સરપંચોને મળી તેમનો ઉત્સાહભર્યો સાથ મેળવ્યો. એટલું જ નહીં સ્કુલના ટીચર્સોનો પણ લોકોનો શિસ્તબદ્ધ રાખાવનો સાથ આપ્યો. તમે આટલું સારું કામ કરો છો તો અમે સાથ ન આપીએ ? પુનિતનો ઉત્સાહ વધ્યો. બધાના મોઢે માસ્ક અને દુરી રાખવાની ખાત્રી આપી.

૨ કિલો ચોખા, ૨ કિલો દાળ, ૨ કિલો સાકર, ૧ લિટર તેલ, ૧ કિલો ગોળ, ૨૫૦ ગ્રામ ચ્હા ભરી થેલીઓ તૈયાર રાખી. આ બધું ઉચકી જવા રૂા. ૧૦ રિક્ષા માટે પણ આપ્યા. આ થેલીઓ લઈ જવા માટે મોટી ટ્રક અને પુનિત અને સ્વયંસેવકો માટે ટેમ્પો તૈયાર રાખ્યો.

સવારના સ્વયંસેવકો આવે કે તરત જ તેમને ગરમ નાસ્તો-ચ્હા અપાતા પછી સૌ રાધાકૃષ્ણના મંદિરમાં ભગવાનની કૃપા લેવા જતા. 'પ્રભુ અમે સારું કામ કરવા જઈએ છીએ અમને કોરોનાનો ભેટો ન કરાવીશ.' ટ્રકમાં સામાન ભરે અને 'રણછોડ રાયની જય' બોલાવી તેમની સવારી ઉપડે.

આનંદશ્ચર્યની વાત એ છે કે જે ગામમાં ગયા તે ગામમાં સરપંચ અને શિક્ષકો હાજર જ હોય બધા મોઢે માસ્ક અને દુરી રાખી શિક્ષકોએ કરેલી નિશાની ઉપર બેઠેલા હોય. દરેક પોતાનું કાર્ડ બતાવી અનાજ લઈ જતા. આપણે પક્ષે પણ કોમ્પ્યુટરાઈઝડ કામ થતું તેથી કામ ઝડપથી થતું.

આ પ્રમાણે ૬ દિવસોમાં વીસ ગામોને અનાજ વિતરણ કર્યું. એક ગામમાં બે ગામોને અપાતા. આમ છ દિવસમાં કામ પૂરું કર્યું. ચંદ્રવદનભાઈ અને નરેશભાઈ સતત ફોન કરીને પ્રેરણા આપતા.

છએ દિવસ પાછા ફરે એટલે હાથપગ ધોઈ જમતા અને સંતોષાનંદ સાથે ઘેર જતા. છેલ્લા દિવસે આવ્યા કે તરત જ પહેલા રાધાકૃષ્ણના મંદિરમાં આવ્યા. ભગવાનનો ખૂબ ખૂબ ઉપકાર માન્યો. સૌ વડીલો છઠ્ઠા દિવસે તેમને આવકારવા બેઠેલા જ હતા.

વડીલ રમાબહેને સૌને વિજયતિલક કરી ખભા થાબડ્યા શાબાશી આપી. વડીલોના આશીર્વાદ તમને સાચે રસ્તે દોરે તેવી પ્રાર્થના. પુનિતે વિડીયો કોલ કરી અમને બતાવ્યો. અમે ખુશ થઈ ગયા. પ્રભુની કૃપા આ લોકો પર કાયમ રહે.

# સંસ્થા સમાચાર

**- કે. બી. શાહ**

## નવે - ડિસેમ્બર ૨૦૨૦

આશ્રમવાસી કોરોના યુક્તથી મુક્ત થતા નડિયાદથી ડાકોર આશ્રમમાં ભાઈશ્રી પૂનિત હેમખેમ ટેક્સીમાં લઈ આવ્યા. સ્વજન પિંકીબેન પી. ખંભોળજાએ આશ્રમના કર્મચારીગણ અને આશ્રમવાસીઓએ હરખાતા હરખાતા આંગતુકને ગુલાબના ફૂલ આપી તાલીઓના ગડગડાટથી હાર્દિક સ્વાગત કર્યું. સૌ સારા વાના થતાં બા તથા વડીલો ખુશખુશાલ હતા. તેનો આનંદ વ્યક્ત કરવા નવરાત્રી મહોત્સવ આશ્રમના આંગણે આવી પહોચ્યો. રાત્રે આશ્રમ પરિસરમાં માનો ગરબો, માંડવડી પ્રગટતા દિવાઓ, માતાજીનો ફોટો, કુંભ, ધૂપ, દિપ, લાઈટની ઝાકઝમાળ સાથે શક્ય તેટલી સાદાઈથી અને શક્ય તેટલું ડિસ્ટન્સનું કડકાઈથી ધ્યાન રખાઈ પ્રાચીન ગરબા કેસેટ અને ગરબાના અંતે નાસ્તો તો ખરો જ. પરંતુ તે પણ ફૂડપેકેટ સ્વરુપે સુકો નાસ્તો અપાયો. થાળ આરતી તો નિયમિત થાય જ. આમાં પણ માતાજીની મરજી જોવાઈ. સમય વર્તે સાવધાન. જય માતાજી

દશેરા એટલે ફાફડા જલેબી. ગુજરાત ઉત્સવપ્રિય અને ઉત્સાહપ્રિય છે. આશ્રમ પણ તેનાથી કેમ અળગું રહે. સૌ વૃદ્ધો/વડીલો/કર્મચારીગણને ફાફડા-જલેબીની લ્હાણી કરાઈ. સૌએ હોંશે હોંશે મિજબાનીનો લ્હાવો ઉઠાવ્યો. ડાકોર-મુંબઈનું અંતર મો. વિડીયો સેવાથી એકદમ નવો આનંદ આપી ગયું. શ્રી ચંદ્રવદનભાઈને સમગ્ર આશ્રમવાસીઓએ એકબીજાને સાથે બેઠા હોઈએ તે રીતે સીધો વાર્તાલાપ કર્યો. સૌના ખબર અંતર પુછ્યા. એકબીજાના અભિનંદન ઝીલતા પરસ્પર ભાવવિભોર થયા. ગામદેવી ડાકોરગામમાં રુબરું થયું. ભાઈશ્રી પૂનિતની સબ બંદર કે વહેપારીની હોંશીયારી બધે જ કામ લાગી જાય છે.

## શરદપૂનમ

ફાફડા-જલેબીના ઓડકાર હજુ શમ્યા નથી ને દૂધ પૌઆં બટાકા વડાનો તહેવાર એટલે શરદપૂનમ. ચોમાસામાં પ્રભુ પોઢી જાય છે. તેમ કહેવાય છે પરંતુ તે પ્રતિક છે. અદ્રશ્ય રહીને પણ પ્રભુ બધું જ જુએ છે. આજ સમયમાં ધનધાન્ય ઉગે છે આ જ સમયમાં વિવિધ તહેવારો ઉજવાય છે. સૌ શતમ્ જીવ શરદઃ તેમ જન્મદિને શુભેચ્છાઓમાં પાઠવવામાં આવે છે. રાત્રે રાસની રમઝટ બોલાવાય છે. કૃષ્ણ રાધા ગોપીજન શરદપૂનમની રાત્રે સાથે રાસ રમ્યા હતા. દાંડીયા રાસ એ પણ ગુજરાતની આગવી ઓળખ છે. આજે શરદપૂનમની રાતડી રે લોલ વ્હાલો વગાડે રુડી વાંસળી રે લોલ.. કેટલું મધુર દ્રશ્ય છે મનોહર કલ્પના છે.

## ધાનદાન પ્રયોગ - ૨૧

ધાનદાન તો નિયમિત કરવું જ છે પરંતુ ટ્રસ્ટીગણને ચિંતા કોરોનાની સતત સતાવે. જેની વૃત્તિ શ્રેષ્ઠ તેની પ્રવૃત્તિ પણ શ્રેષ્ઠ. એક સાહસ ઈશ્વર વિશ્વાસે કરી નાંખ્યું. પરિસ્થિતિને અનુરુપ અને જેને ખાસ જરુરિયાત છે તેવી ગામડાની લાભાર્થી વ્યક્તિઓને ગામડે જઈ ધાન-દાન કરવાનું આયોજન બધ્ધ ગોઠવાયું. ગામડાનો છ દિવસના ભાગમાં વહેંચી દેવામાં આવ્યા. **કુલ ૨૭ ગામડા** છે જેમાં લાભાર્થી છે. શ્રી પૂનિત ખંભોળજા, પિંકીબેન, અશ્વિનભાઈ ખંભોળજા, અનિલ પ્રભુ જે એક વ્યક્તિ સ્વજન તરીકે ઉપસી આવી તે શ્રી મહેન્દ્રભાઈ ડી વાળા જે વણોત ગામના હોઈ અને ગેસ એજન્સીના ધારક હોઈ બધાજ ગામડાથી સીધા પરિચિત. અગાઉના દિવસોમાં જે તે ગામને ક્યાં ભેગા થવાનું કહેવાયું. પ્રયોગ ખૂબ જ સફળ રહ્યો. કીટમાં શેકેલા ચોખા, ૨ કિલો છોડા, મગની દાળ, ૨ કિલો મોરસ, ૧ લીટર તેલ, ૧ કિલો ગોળ, અને ૧૦ રૂા રોકડા. આ ચીવટ પૂર્વકની વ્યવસ્થાથી ગામડાના લાભાર્થીઓને પણ આનંદ થયો. સંતોષ થયો ને કોઈપણ જાતની તકલીફ ન પડી. સમયસર બધા કીટ લેવા આવી જતા માસ્ક અને ડિસ્ટન્સનું બરાબર ધ્યાન રખાતું. સવારે બે એક કલાકમાં તો બધું જ કામ પતી જતું. જે તે ગામના સેવકોએ પણ હાજરી અને સ્થળનો સહકાર આપ્યો. તેથી કામ ખૂબ જ સરળ થઈ જતું. કુલ ૭૮૩ લાભાર્થીઓએ લાભ લીધો.

એક ભગીરથ કાર્ય પૂર્ણ કરનાર શ્રી પૂનિતભાઈ, પિન્કીબેન, શ્રી અશ્વિનભાઈ ખંભોળજા અને જેની વિશિષ્ટ સેવા મળી જેને કારણે સેવા સારી રીતે થઈ શકી તે શ્રી મહેન્દ્રભાઈ વાળા. સૌનું આશ્રમવાસીઓએ ફૂલહારથી ભાવે તિલક કરી સન્માન સ્વાગત કર્યું. આભાર વ્યક્ત કર્યો.

## દિવાળી

સાચું પુછો તો આશ્રમના આંગણે બારેમાસ દિવાળી. નવા નવા પ્રયોગ જનહિતના થતા રહે. પ્રવાસ, ભજનસંધ્યા, પ્રત્યેક જાહેર ધાર્મિક તહેવારો, ચિકિત્સા દવાના અનેક યજ્ઞ, પ્રવાસ શિબિર વિ.વિ. કોરોનામાંથી હેમખેમ બહાર આવવાનું ટ્રસ્ટીગણની સતત આશ્રમની મુલાકાતો આ બધા એક પ્રકારનો વાઘબારસ, ધનતેરસ, કાળી ચૌદશ, દિવાળી, બેસતુવર્ષ, ભાઈબીજ આ વાર તહેવાર વિનાના અલિખિત દિવાળીના જ દિવસો છે ને ! ભર્યું ભર્યું વાતાવરણ એ જ તો સાચી દિવાળી છે. હંમેશા મીઠાઈની ક્યાં જરુર હોય છે. આજનો દિવસ એ તો કેવળ એક બહાનું છે. નહીતર આપણા સ્નેહ માટે તો આકાશ પણ નાનું છે. બીજી દિવાળી એટલે શિબિરની પણ તડામાર તૈયારીનો પણ લ્હાવો લુટાતો હોય પરંતુ હાય કોરોના... ન છૂટકે શિબિર મુલતવી રાખવી પડી.

હિંદુ તહેવારો ટિપ્પણીના આધારે અને ખાસ ડાકોર મંદિરના આધારે ઉજવાય છે. મુહુર્ત પહોંચતા ન હોય એટલે વાઘબારસ અને ધનતેરસ ભેગી પણ આવી જાય. તેવી રીતે કાળી ચૌદશ, દિવાળી, બેસતું વર્ષ પડવાના દિવસ પછી આવ્યું એટલે થોડી મઝા મરી જાય તેમ બને. છતાં પૂનિતને શુધ્ધબુધ્ધિથી પ્રેકટીકલ બની ધનતેરસે લક્ષ્મીપૂજન દિવાળી એ ચોપડાપૂજન પણ કર્યું. બેસતુંવર્ષ ભાઈબીજે એકબીજાને હૃદયના ઉમળકાથી શુભેચ્છા પણ પાઠવી. નાનો અન્નકૂટ પણ થયો. શ્રી પૂનિત, અનિલપ્રભુ, શ્રી રાજુભટ્ટે પ્રસંગને અનુરુપ થાળના ભજનો ગાયા. પ્રસાદના વિતરણ પહેલા મોઢામાં પાણી આવી જાય તેવું પણ બને. તેથી પ્રસાદ લેવાની અધિરાઈ પણ વધી જાય. કાળી ચૌદશે દહી વડાની મોજ માણી તો વૃદ્ધોની તબિયતને ધ્યાને લઈ વ્યવસ્થિત મીઠાઈના ભોજન પણ થયા. વૃદ્ધોનું એટલું બધું ધ્યાન રખાય છે કે કડક નિતિ નિયમો પણ કરવા પડે છે. વૃદ્ધો પણ ટેવાઈ ગયા છે ને પૂર્ણ સહકાર આપે છે. તેથી કોરોના એ નક્કી કર્યું કે અહીં આપણી બહુ દાળ ગળશે નહીં. ચાલો અન્ય સ્થળ પસંદ કરીએ ને વૃદ્ધો કોરોના યુક્તમાંથી મુક્ત થઈ ગયા તેનો આનંદ આશ્રમવાસીઓ કરતાય વધુ ટ્રસ્ટીગણ, સ્વજનને થતો રહ્યો છે. જે પરસ્પર આત્મિયતાનું પ્રતિક છે. સગા વ્હાલા હોતા નથી પરંતુ વ્હાલા સગા હોય છે તે ઉક્તિ આશ્રમના દ્વારે સાચી પડતી દેખાય છે.

## તુલસી વિવાહ

રૂમઝૂમ કરતી આનંદ ઉલ્લાસથી દિવાળી પસાર થઈ ગઈ ને કારતક સુદ-૧૧ એટલે તુલસી વિવાહ. ભારતીય સંસ્કૃતિમાં જીવમાત્રને પ્રાધાન છે તો જળ ચર વનસ્પતીને પણ મહત્વ છે. તુલસી એ પાન નથી ઝાડ નથી તેમાં પણ અનેક સદ્ગુણ છે. આયુર્વેદિકમાં તેટલું જ એનું મહત્વ છે. તુલસીનું મહત્વ વધારવા પ્રભુ તુલસી સાથે લગ્ન કરે છે. તેને તહેવાર જેવું મહત્વ મળ્યું. ચતુર્માસમાં સમાજમાં લગ્ન ન થઈ શકે તે દ્રઢ થયું. ને તેના દ્વાર તુલસી વિવાહથી ખુલી ગયા છે. સમાજમાં વિવાહ લગ્ન ગોઠવાય ને એક નવજીવનનો પ્રારંભ થાય. આશ્રમમાં પણ લાકડાના ઘોડાની બગી

## સંસ્થા સમાચાર

ગાડી બનાવી બાલસ્વરુપ લાલજીને વરરાજા સ્વરુપે પધરાવ્યાને લાલજીનું લૂણ ઉતારતા, લગ્નગીતો ગાતાં વરઘોડાનો પ્રારંભ થયો. લગ્નગીતો હોય લગ્ન ફટાણા આવી જ જાય સામ સામે બન્ને પક્ષની બહેનો ને એકબીજાને ભાંડવા માટે (સારા શબ્દોમાં) તૈયાર થઈ જાય સામ સામે તુટી પડે. ફટાણાના પ્રાસ પણ ખૂબ ઉંચા હોય છે. તેથી હસતા હસતા જે કહેવું હોય તે કહી પણ દેવાય અને ખોટું પણ ન લાગે ને સાંભળનારને આનંદ થાય. વરરાજા લગ્ન મંડપમાં પધાર્યા. વિધિ-વિધાનથી લગ્નવિધિ પૂરી થઈ. વરપક્ષે આશ્રમવાસી મહેશભાઈ અને સુધાબેન, કન્યા પક્ષે વિનુભાઈ અને ગીતાબેન. માથે મોડ અને ખભે ખેસ નાંખી બંને પક્ષના વડીલો ગોઠવાય. રંગબેરંગી ટોપીઓ,ઢોલ નગારાના અવાજોથી વાતાવરણ લગ્નપ્રસંગમય બની જાય. થાળ-આરતી તો હોય જ. સાથે એક જ સૌના મોંએ ઉદગાર નિકળે બહુ મઝા આવી. જો કે પૂનિત-પિંકી અને અવધૂત ભજન મંડળના મિત્રોની હાજરી વિના અધુરપ લાગે. આખો પ્રસંગ સરસ રીતે ઉજવાયો.

### ૨૫ ડિસેમ્બર - નાતાલ પર્વ

પ્રેમમૂર્તિ ઈસુને યાદ કરી સ્મરણાંજલી બની રહી. બેસી રહેવાનું તો આશ્રમને પોસાય તેમ નથી. તેથી પહેલી જાન્યુઆરી અને ધાન-દાન ૨૨નું આયોજન કેમ કરવું તેમાં સૌ પડી ગયા.

### સામાન્ય સભા

તા. ૧૯-૧૨-૨૦૨૦ના રોજ વાર્ષિક સામાન્ય સભા ડૉ. શ્રી નરેશભાઈ શાહ, શ્રી ઉદયભાઈ કે. શાહ, શ્રી ગીરીશભાઈ આર. શાહ તથા સ્વજનો કે.બી. શાહ, આશ્રમવાસીઓની વિશાળ હાજરીમાં બપોરે ૨-૩૦ કલાકે ખુશનુમા વાતાવરણમાં યોજાઈ. ડૉ. નરેશભાઈ શાહે સૌનું હાર્દિક સ્વાગત કર્યું. છપાયેલ પારદર્શક રીપોર્ટ ખુલ્લો મુક્યો. કોરોનાની હાડમારીના સમયમાં પણ આશ્રમ ખર્ચ કરતાં બચત કરે છે. તેવું જાહેર કર્યું. અહેવાલને સૌએ નવા વર્ષ માટે સીએ ઓડીટરની સ્વિકૃતી લીધી. ટ્રસ્ટીશ્રી ઉદયભાઈ કે. શાહે આભારવિધિ કરી. પૂનિતની સેવાઓ બિરદાવી. મીટીંગના પ્રારંભે મોસ્ટ સીનીયર ટ્રસ્ટી શ્રી કચરાભાઈ દોશી અને સ્વજન વડીલ શ્રી કે. જે. પુરાણી સાહેબની અવિરત સેવાઓના ગુણાનુવાદ કરી સૌએ ઉભા થઈ આ બંને વિરલ વ્યક્તિઓને શ્રધ્ધાંજલિ અર્પી. નવા સ્વજન તરીકે શ્રી મહેન્દ્રભાઈ ડી. વાળા અને શ્રી કમલેશભાઈને બિરદાવ્યા.

**-કે.બી.શાહ**

## વૃદ્ધાવસ્થા માટે આર્થિક આયોજન

અત્યારના ૭૫-૮૦-૮૫ વર્ષના બુઝુર્ગને જુના સંસ્મરણો વાગોળવાનો બહુ ઉમંગ અને શોખ એક પેઢી કે ૭-૮ દાયકામાં જીવનના દરેક ક્ષેત્રે કેટકેટલો ફેરફાર થયો છે અને આપણે અચંબો પામી જઈએ એટલો દરેક ક્ષેત્રે ફેરફાર છે. રહેણીકરણી, આર્થિક ઉપાર્જન અને તેનો વિનિયોગ-કુટુંબ વ્યવસ્થા અને તેના ભાવનાત્મક સંબંધો. પરિણામે નવી વ્યવસ્થામાં આપણે સુપેરે ગોઠવાઈ જઈએ તે પહેલા તો નવા પ્રશ્નોની હારમાળા ઉભી જ છે. આ તબક્કે આપણે સૌ પહેલાં કુટુંબ વ્યવસ્થાથી થતાં દુરગામી પ્રશ્નો જોઈએ.

ગ્રામ્યજીવનમાંથી શહેરીકરણ તરફ લગભગ સમાજે દોટ મૂકી છે. પહેલાં કુટુંબ એટલે દાદા, કાકા, ફોઈ અને તેઓના પરિવાર લગભગ સાથે જ રહેતાં. એકબીજાને મદદરૂપ થવું સહજ હતું. ઓછી આવરદાને કારણે કુટુંબનું કોઈ સભ્ય ગુજરી જાય તો તેની પત્ની અને બાળકોનો ઉછેર કુટુંબીજનો ઉપાડી લેતાં. કોઈ નોંધારું કે લાચારી અનુભવવાનો વારો ન આવતો. કુટુંબમાં આછા પાનાઓ આવકવાળા પણ સરખી રીતે નભી જતા. ગામમાં કોઈની પણ દીકરી પરણતી હોય ત્યારે આખુંય ગામ હિલોળે ચઢતું અને જાણે પોતાની દીકરીનું લગ્ન હોય તેવો આનંદ અનુભવતા. નાતની પંગતમાં અમીર ગરીબ સૌ સાથે જમતાં અને કેટરરનો જમાનો ન હતો એટલે સૌ સાથે મળીને રસોઈની તૈયારી કરતાં પીરસતા અને એકાત્મતા અનુભવતા. ગામની શાળામાં ધૂળિયા રસ્તા ઉપર બાળકો એકબીજાના ખભે હાથ પરોવી ચંપલ વગર પણ શાળાએ જઈ શકતાં. નદીમાં ધૂબાકા મારી શકતા ઝાડ ઉપર પથ્થર મારી કેરીની મઝા માણી શકતા.

આ ૭-૮ દાયકામાં કેટકેટલું પરિવર્તન-શહેરીકરણ જ નહીં પણ દેશાંતર નોકરી-ધંધાર્થે જવા લાગ્યા. કુટુંબનું વિભાજન ઝડપથી થવા લાગ્યું. તેની સાથે લાગણીઓનું પણ વિઘટન થયું. હવે દિકરાઓને માબાપ સાથે જાણે કોઈ સંબંધ જ નહિ તેવા ઘાટ થયો છે. કોઈપણ કાળમાં પરિવર્તન કુદરતનો નિયમ છે, પણ તમો નવી પરિસ્થિતિને જાણો અને સમજવાનો ગાળો જ નથી. આવતા અંકમાં આર્થિક વિડંબનાની વાતો કરીશું.

**-ચંદ્રવદનભાઈ શાહ**

બુક-પોસ્ટ/પ્રિન્ટેડ મેટર

પ્રતિ શ્રી ______________________

______________________

______________________

**પ્રેષક :**
**ડૉ. નરેશ આર. શાહ (ટ્રસ્ટી)**
**શાંતિલાલ મોહનલાલ શાહ અશક્તાશ્રમ સોસાયટી**
૨૦૩, સંકલ્પ સ્કેવર-૨, બીજોમાળ, જલારામ રેલ્વે ક્રોસીંગ અને કલગી ક્રોસ રોડ પાસે,
ડૉ. સુમન શાહ ઓર્થોપેડીક હોસ્પિટલ સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. (INDIA) M. 9824030858



સૌજન્ય મુદ્રક : સરૈયા આર્ટ પ્રિન્ટરી ★ (મો) : ૯૮૨૫૪૪૦૬૯૦